

## ગિરાસમાં એક ડુંગરી

મરિયા શ્રેસ મિત્સ્કાબેન

ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય

પ્રથમ આવૃત્તિ : ૧૯૯૪,

કિંમત : રૂ. ૫૦, પાનાં : ૨૧૯

સાબરકાંઠાના આદિવાસી બહેનોની પ્રસંગકથાઓ.

૧૯૭૯ની સાલમાં હું લુસાડિયા, સાબરકાંઠાના ડુંગરી ગરાસિયા આદિવાસીઓ વચ્ચે કામ કરવા આવી. લુસાડિયા, ગુજરાત-રાજસ્થાનની સરહદે ડુંગરાળ મુલકમાં આવેલ ગામ છે. જંગલો કપાવાથી અને દુકાળને લીધે આ મુલક આજે ઉજ્જડ બન્યો છે. અહીં દસેક વરસ રહીને હું ગામડાંની સ્ત્રીઓને શીખવવાનું, તેમનું સંગઠન કરવાનું અને તેમને પ્રેરણા આપવાનું કામ કરતી હતી. મોટા ભાગની સ્ત્રીઓ આદિવાસી હતી, અને એમાંની થોડી ઠાકરડાકોમની હતી. આ સંગ્રહ આ વરસોનું સ્મરણ છે. મૂળ હું સ્લોવેનિયાની વતની છું...લુસાડિયા આવવા પહેલાં મેં અમદાવાદમાં ગુજરાતી ભાષાનો અભ્યાસ કર્યો હતો અને તે પછી બે વરસ હું એક આદિવાસી કુટુંબ સાથે તેમના ખોરડામાં રહેતી હતી. અને તેથી કરીને સ્ત્રીઓ સાથે કામ કરવા સારુ તૈયાર થઇ હતી. તો પણ મારા રસ્તા આડે વિઘ્નો વિશાળ ને મોટાં હતાં. એમાંનું સૌથી મોટું વિઘ્ન તે તેમનો ને મારી વચ્ચેનો ભિન્ન દુનિયાનો દૃષ્ટિકોણ હતો.

## ગીતામંથન



કિશોરલાલ વ. મશરૂવાલા

નવજીવન પ્રકાશન મંદિર

પાંચમું પુનર્મુદ્રણ : જૂન, ૧૯૯૧, કિંમત : રૂ. ૪૦, પાનાં : ૨૯૯

ગીતાના અઢાર અધ્યાય અંગે સામાન્ય માનવીને ધ્યાનમાં રાખીને કરાયેલું મંથન.

છાશ વલોવીએ ત્યારે વલોવવાની ક્રિયાથી ફીણ વધે છે અને છાશ હોય તેથી વધારે દેખાય છે. આ ગીતામંથન એ જ જાતનું એક વલોણું છે. એમ કરવામાં મુખ્ય ઉદ્દેશ થોડો વિસ્તાર કરવાથી સામાન્ય વાચકોને જે સરળતા થાય છે અને સ્પષ્ટ વિચાર કરવામાં મદદ થાય છે તે સાધવાનો જ છે.

શ્રી જ્ઞાનેશ્વરે ગીતાનો અત્યંત વિસ્તાર કરી એક સ્વતંત્ર ગ્રંથ જેવી જ જ્ઞાનેશ્વરી બનાવી છે. એમની કવિત્વશક્તિ, યોગશક્તિ, શબ્દશક્તિ તથા પદ્યપ્રબંધ કરવાની શક્તિ મારામાં નથી. પણ એ કારણને લીધે જ જ્ઞાનેશ્વરી એ ઘણે અંશે અધિકારીથી જ સમજી શકાય એવો ગ્રન્થ બન્યો છે.

આ મંથનથી ભગવદ્‌ગીતા જો 'સ્ત્રીઓ, વૈશ્યો, તથા શૂદ્રોને અથવા ટૂંકામાં કહીએ તો, વિદ્વત્તામાં બાળક જેવાઓને જ રસ આપવા સમર્થ થાય તોપણ હું સંતોષ માનીશ. (પ્રસ્તાવનામાંથી)

## ગુજરાત

ગુજરાતી વિશ્વકોશ ટ્રસ્ટ

દ્વિતીય આવૃત્તિ : ૨૦૦૦, કિંમત : રૂ.૩૦૦, પાનાં :૪૭૯

*ગુજરાત વિશેની સર્વગ્રાહી માહિતી અને ગુજરાતી હસ્તીઓની વિગતો આપતો સચિત્ર ગ્રંથ*

ઉત્તર ગુજરાતી બોલી વિશેષે 'ગામ', 'કામ'ને બદલે 'ગૉમ', 'કૉમ', 'ભીંત', 'વીંટી'ને બદલે 'ભેંત', 'વેંટી', 'મેં', 'તેં'ને બદલે 'મીં', 'તીં', 'લાવ્યો', 'આવ્યો'ને બદલે 'લાયો', 'આયો' જેવા પ્રયોગોને કારણે માન્ય ભાષાથી જુદી પડે છે. તેની કેટલીક શાબ્દિક વિશેષતાઓ 'હેંડવું', 'વાયરો', 'લૂઘડાં', 'આલવું', 'તાણ' (ત્યારે), 'સઇ રાખ' (પકડી રાખ), 'છોડી' (છોકરી) જેવા શબ્દપ્રયોગોમાં જોવા મળે છે...'ઘણી છોકરીઓ આવી હતી'ને બદલે 'ઘણીઓ છાંડીઓ આવીઓ હતીઓ' જેવા ભાષાપ્રયોગોથી ચરોતરી બોલી માન્ય ગુજરાતી કરતાં અલગ છે...દક્ષિણ ગુજરાતી બોલીમાં 'સ'ને બદલે 'હ', 'બ'ને બદલે 'ર' કે 'લ', 'ત' અને 'દ'ને બદલે 'ટ' અને 'ડ' જેવાં ઉચ્ચારણો સંભળાય છે અને 'નથી' ને બદલે 'ની', 'ચાલ્યો', 'બોલ્યો'ને બદલે 'ચાઇલો', 'બોઇલો', 'હું'ને બદલે 'મેં' જેવા ભાષાપ્રયોગોને કારણે તે અલગ બોલી તરીકે ઓળખાય છે.



## ગુજરાત : પાણીની અને સામુદ્રિક સમસ્યા (સંરક્ષણની દૃષ્ટિએ)



અધ્યા. (ડૉ.) કેશવરામ કાશીરામ શાસ્ત્રી(બાંભણિયા)

માહિતી ખાતું, ગુજરાત રાજ્ય

પ્રથમ આવૃત્તિ : ૨૦૦૪, પાનાં : ૭૯

*ભૂતકાળમાં પાણીના આયોજન અને વર્તમાનકાળમાં તેના અભાવ વિશેની વિગતો આપતા ૧૫ લેખ*

એક વસ્તુ નજર ખેંચી રહી છે : વાવડાંઓ અને બગીચાઓની વાવોમાં મશીન મૂકવામાં આવેલાં હોઇ ખેડૂતો મોટા જથ્થામાં જમીનના પેટાળમાંથી મીઠું પાણી ખેંચી રહ્યાં છે...હજી સ્વરાજ્ય મળ્યું નહોતું અને અંગ્રેજી શાસન હતું એ સમયે બોરિંગ અને આર્ટિઝન કૂવા અસ્તિત્વમાં આવવા લાગ્યા હતા. વાવ-કૂવાઓ ઉપર મશીન-પમ્પો અસ્તિત્વમાં આવતા જતા હતા, એ સમયે આણંદની ખેતીવાડી કૉલેજના આચાર્ય સ્વ. મગનભાઇ પટેલે અમદાવાદના પ્રેમાભાઇ હૉલમાં એક સાંજે અનુભવના નીચેની મતલબના શબ્દ કહ્યા હતા કે કૃત્રિમ રીતે પૃથ્વીના પેટાળમાંથી યંત્રો દ્વારા મીઠું પાણી ખેંચી લેવાના પ્રયત્ન આજ તો આપણને ખૂબ ખૂબ ગમે છે, પરંતુ એક સમય એવો આવશે કે ભૂગર્ભમાં પાણીની સપાટી ધીમે ધીમે ઊતરતી જશે અને એવો પણ સમય આવશે કે પાણી ખેંચાઇ જ ગયું હશે.



## ગુજરાતના વિકસતા સમુદાયો

ઉર્મિલા પટેલ

મંગળ પ્રભાત, અમદાવાદ

પ્રથમ આવૃત્તિ : જુલાઇ, ૧૯૮૩, કિંમત : રૂ. ૧૧૫, પાનાં : ૫૫૮

*આઝાદી પછીના ત્રણ દાયકા એટલે કે ૧૯૮૦ સુધીમાં ગુજરાતના દલિતોની સ્થિતિમાં થયેલ ફેરફાર અંગેનો સર્વેક્ષણ અને મુલાકાતો આધારિત શોધનિબંધ.*

અમદાવાદથી થોડા જ કિલોમીટર દૂર આવેલા અંબાપુર ગામમાં રહેતા અને અમદાવાદમાં મિલમાં મજૂરી કરતા એક ચમાર યુવાને જણાવ્યું કે અંબાપુર અને આજુબાજુનાં ચારપાંચ ગામોમાં તેમના કુટુંબની જજમાની હતી. તે ગામોમાંથી મરેલાં ઢોર તેઓ લઇ આવતા. તેનાં ચામડા પકવીને વેચવાનો તેમના બાપદાદાનો વ્યવસાય હતો. હવે તે ધંધો રહ્યો નથી. તેમના કુટુંબના બધા જ સભ્યોએ અન્ય ધંધા સ્વીકારી લીધા છે. એક મિલમાં જાય છે, બીજો કડિયાકામ પર મજૂરીએ જાય છે, ત્રીજો મ્યુનિસિપાલિટીમાં સફાઇ કામદાર છે, સ્ત્રીઓ પણ છૂટક મજૂરીએ જાય છે. તેમ છતાં સાંજે કામ પરથી ગામમાં આવે ત્યારે તેમને જજમાનીના અધિકારની રૂએ મરેલાં ઢોર ઉપાડવા બોલાવવામાં આવે છે. "તેવું કામ કરવાનું ગમતું નથી, પણ ના કેમ પડાય? એટલે ન છૂટકે કરવું જ પડે છે... અને ન કરીએ તો ગામમાં રહેવું ભારે પડે."